Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા** **સમય : ૧૧:૦૦ કલાકે**
**તા.૨૨–૦૭–૨૦૨૧**

# : કાર્યસૂચિ : ૩

**૧૪.** યુનિવર્સિટીના એચ. આર.ડી. વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ. કિરણ પંડયા દ્વારા સ્વૈચ્છીક નિવૃત્તિ માટે પત્રાંક : HRD/246/2021, તા.૧૪/૦૭/૨૦૨૧ થી દરખાસ્ત કરવામાં આવેલ હોય જે પત્ર અન્વયે તેઓની સ્વૈચ્છીક નિવૃત્તિ મંજુર કરવા તથા તા.૩૧/૦૮/૨૦૨૧ના રોજ કાર્યાલય સમય બાદ મુકત કરવા તથા નોટીસનો સમયગાળો Waive કરવા અંગે તેઓના પત્ર પર વિચારણા કરવા બાબત…

(બિડાણ : ૧૨)
(વહીવટી)

**૧૫.** ગુજરાત સરકારશ્રીના, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઉપસચિવશ્રીનો તા.:૧૦-૦૬-૨૦૧૯નો પરિપત્ર ક્રમાંકઃ સપય/૧૩૨૦૧૨/૭૯૮/ખ-૨ અંતગર્ત રાજયની શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી યુનિવર્સિટીઓમાં મંજુર થયેલ જગ્યાઓ પૈકી રાજીનામુ/સ્વૈચ્છિક નિવૃત્તિ/વયનિવૃત્તિ/અવસાનના કારણે ખાલી જગ્યાઓ ભરવા માટે રાજયની યુનિવર્સિટીઓ દ્વારા સરકારશ્રીની મંજુરી અર્થે દરખાસ્ત કરવામાં આવતી હતી તે મંજુર થયેલ જગ્યાઓ પૈકી રાજીનામુ/સ્વૈચ્છિક નિવૃત્તિ/વયનિવૃત્તિ/અવસાનના કારણે ખાલી રહેલ વહીવટી જગ્યાઓ જો અન્ય કારણોસર રદ્દ ન થયેલ હોય અથવા અબેયન્સમાં ના ગઈ હોય, તો તેવી વહીવટી જગ્યાઓનુ રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરી, તેવી જગ્યા ભરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવેલ હોય તે અંગે રોસ્ટર સમિતિની નિયુકત કરવામા આવી હતી જે સમિતીનો અહેવાલને પ્રથમ દ્રષ્ટિએ જોતા EWS કેટેગરીનો સમાવેશ થયેલ નથી આથી તા.૦૮/૦૨/૨૦૨૦ ની સિન્ડિકેટની સભાના ઠરાવ ક્રમાંક :૯૯ થી સદર અહેવાલનો સ્વીકાર થયેલ જે સમિતીના અહેવાલ પર પુનઃ વિચારણા કરવા તા. ૨૨/૦૩/૨૦૨૧ની સિન્ડિકેટની સભા સમક્ષ રજૂ કરતા ઠરાવ ક્રમાંક ૦૩ સંદર્ભે રોસ્ટર અંગે નવી સમિતીની નિમણૂંક કરવામાં આવેલ હતી. જે સમિતીની સભાનો અહેવાલ બંધ કવરમાં મળેલ છે જેના પર વિચારણા કરવા બાબત.

**નોંધ : અહેવાલ સભા સમયે રજૂ કરવામાં આવશે.**

(વહીવટી)

**૧૬.** યુનિવર્સિટીના એચ.આર.ડી. વિભાગમાં સ્વનિર્ભર અભ્યાસક્રમના તા.૦૮/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંક : એચઆરડી/૩૦૫/૨૦૨૦ અંતગર્ત એચ.આર.ડી. વિભાગમાં સ્વનિર્ભર અભ્યાસક્રમના આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવી રાજીનામુ આપી ફરજ મુકત થયેલ ડૉ.સ્મૃતિ બલસારીને તેઓની બાકી રહેલ જમા રજાનુ નિયમાનુસાર રોકડમાં રૂપાંતર કરવા વિનંતી કરી હોય, તે અન્વયે યુનિવર્સિટીના તા.૨૨/૦૮/૨૦૦૭નો પરિપત્ર ક્રમાંકઃવહી/ એસ્ટા/ સ્વનિર્ભર/ ૯૦૨૬/ ૨૦૦૭ મુજબ સ્વનિર્ભર અભ્યાસક્રમમાં નિમણૂંક પામેલ શૈક્ષણિક કર્મચારીને કાયમી કર્મચારીના નિયમો મુજબની રજાના લાભ આપવા જણાવેલ છે. પરંતુ રાજીનામા, નિવૃતિ સમયે રોકડમાં રૂપાંતર કરવાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી કે જોગવાઈ કરેલ નથી અને ભૂતકાળમાં વિવિધ વિભાગોમાંથી રાજીનામુ આપી છૂટા થયેલ અન્ય કર્મચારીને બાકી રજાનુ નિયમાનુસાર ચૂકવણુ કરવામાં આવેલ નથી, તો તે અન્વયે એચ.આર. ડી.સ્વનિર્ભર અભ્યાસક્રમના ડૉ.સ્મૃતિ બલસારીને તથા અન્ય યુનિવર્સિટીના સ્વનિર્ભર અભ્યાસક્રમમાં કાયમી નિમણૂંક પામેલ શૈક્ષણિક કર્મચારીને નિવૃત્તિ/ રાજીનામા બાદ મળવાપાત્ર લાભ અંગે સર્વગ્રાહી સામાન્ય નિતિ બનાવવા સમિતિની નિયુકિત કરવામાં આવી હતી.સદર સમિતિની સભા તા.૦૯/૧૨/ ૨૦૨૦ ના રોજ બપોરે ૩ઃ૦૦ કલાકે. રૂમ.નં.૨૨૩, IQAC, વહીવટી ભવન ખાતે મળી હતી. જે સમિતીની સભાનો અહેવાલ બંધ કવરમાં મળેલ છે જેના પર વિચારણા અર્થે તા.૨૯/૧૨/ ૨૦૨૦ ની નાણાંસમિતીમાં રજૂ કરેલ સદર બાબત નાણા સમિતિએ તા.૧૨/૦૩/૨૦૨૧ની સિન્ડિકેટમાં રજૂ કરવામાં આવેલ. સામેલ તા.૧૨/૦૩/૨૦૨૧ ની બાબત ક્રમાંક : ૩૮ ના ઠરાવ મુજબ આગામી સિન્કિટમાં રજૂ કરવી, જે પુનઃ વિચારણા કરવા બાબત

**નોંધ : અહેવાલ સભા સમયે રજૂ કરવામાં આવશે.**

(વહીવટી)

**૧૭.** અગ્રવાલ સમાજ વિદ્યા વિહાર ટ્રસ્ટ, વેસુ, સુરતના નવા જોડાણ માટે જમીનની જોગવાઈ અંગેના તા.૧૭–૦૭–૨૦૨૧ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ** :(૧) **યુ.જી.સી.ના ૨૦૧૨ ના રેગ્યુલેશનમાં જણાવેલ નીચે મુજબ જમીન અંગેની શરતની જોગવાઈ છે.**

3.1.1. Undisputed ownership and possession of land free from any or all encumbrances measuring not less than 1.5 acres if it is located in mega cities, 2 acres if it is located in metropolitan cities and 5 acres if it is located in other cities

(૨) સંસ્થાનો પત્ર આ સાથે બિડાણ તરીકે સામેલ છે.

(બિડાણ : ૧૩ )
(સિન્ડિકેટ)

૧૮. યુનિવર્સિટી વહીવટીના સંપૂર્ણ કોમ્પ્યુટરઈઝેશન માટે કાર્યાલયના પત્રાંક : જન/ERP/ ૧૧૯૫૬/૨૦૧૭, તા.૦૪/૦૭/૨૦૧૭થી Guj Info Petro Limited, Gandhinagar વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે અંતર્ગત સર્વિસ લેવલ એગ્રીમેન્ટ (SLA)નો ડ્રાફ્ટ ફાયનલ કરવા એડવોકેટશ્રી તારક દામાણીના તા.૦૨/૦૬/૨૦૨૧ના ઈ–મેલ અંતર્ગત સર્વિસ લેવલ એગ્રીમેન્ટ (SLA) માં ટેકનીકલ ડેટા અને મુદ્દાઓની ચકાસણી કરી ઘટતી કાર્યવાહી કરવા ડૉ.અપૂર્વ દેસાઈ અને શ્રી કલ્પેશ ચાંપાનેરીની નિમણૂંક કરતા સંયુકત રીત કાર્યાલયના ક્રમાંકઃકોમ્પ્યુટર સાયન્સ/૩૧૯૮/૨૦૨૧, તા.૩૦/૦૬/૨૦૨૧ના પત્ર અતંર્ગત UMS SLA ના Finalization માટે તા.૧૮/૦૮/૨૦૧૮ના રોજ સભા મળેલ હતી, જેની કાર્યવાહી અંગેનો પત્ર તા.૧૨/૦૯/૨૦૧૮ના રોજ મોકલવામાં આવેલ મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવા વિનંતી કરેલ હતી. જેથી GIPL ને આ સાથે સામેલ સર્વિસ લેવલ એગ્રીમેન્ટ (SLA) પર વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૧૪ )

(વહીવટી)

**<u>માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.</u>**

૧૯. યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ સ્વનિર્ભર પ્રોગ્રામો જેવાં કે, બેચલર ઓફ આર્કિટેકચર સેલ્ફ ફાઈનાન્સ પોગ્રામ, બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન સેલ્ફ ફાઈનાન્સ પોગ્રામ અને બેચલર ઓફ ફાઈન આર્ટસ સેલ્ફ ફાઈનાન્સ પોગ્રામને વિશિષ્ટ ઓળખ તથા વૈધાનિક દરજ્જો આપવા તથા ઈન્સ્ટીટયુટનાં કિસ્સામાં ડાયરેકટર તથા જે ડિપાર્ટમેન્ટ છે તેનાં વિભાગીય વડાશ્રીની નિમણુંક કરવા અંગેની સદરહું પ્રોગ્રામોના આચાર્યશ્રી તથા તા.૧૫–૦૭–૨૦૨૧ના અહેવાલને પુનઃવિચારણા માટે સદર સમિતિને રીફર કરવો તેમજ સમિતિનો રીપોર્ટ આવ્યેથી તેના પર નિર્ણય અને અમલીકરણ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવાના સિન્ડિકેટની તા.૧૬/૦૭/૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ ૧૮ અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના Act 16 (1) Class-I-Ex-officio Members (C)(ii) અન્વયે શ્રી જી. સી. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ આર્કિટેકચર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના આચાર્ય ડૉ. મહેતા રાજેશકુમાર દેવેન્દ્રકુમાર સેનેટ સભ્ય બનતા Act 23 (1) અંતર્ગત તેમણે પસંદ કરેલ આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા માનનીય કુલપતિશ્રી દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવેલ છે. જે સંદર્ભે માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(સિન્ડિકેટ)

૨૦. **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧(૧)/ ૧૦૬૦૬/૨૦૨૧
તા.૨૦–૦૭–૨૦૨૧

**Sd/-**
**ઈ.ચા.કુલસચિવ**

પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**